# CCC પરીક્ષા અંતર્ગત અગત્યની માહિતી

જિતેન્દ્ર પટેલ

www.jitugozaria.blogspot.com

Email - redbus108@gmail.com

**પ્રશ્ન – 1 CCC પરીક્ષા માટે ક્યાં અને કેવી રીતે નોંધણી કરાવવાની થાય છે ?**

જવાબ - CCC પરીક્ષાની નોંધણી માટેની કામગીરી જીટીયુ દ્વારા ફક્ત ઓનલાઈન જ થાય છે. ઓફલાઈન નોંધણી થતી નથી. તેના માટે તેની વેબસાઈટ ખાસ જોતા રહેવું. થોડા સમય પહેલા નોંધણી શરૂ થઈ હતી. જે થોડાજ કલાકમાં પૂરી થઈ હતી. હાલ નોંધણી બંધ થઈ છે. ગમે ત્યારે નોંધણી શરૂ થઈ શકે છે. તેના માટે www. ccc.gtu.ac.in વેબસાઈટની વારંવાર મુલાકાત લેવી.

**પ્રશ્ન – 2 CCC પરીક્ષા માટે ની ફી ક્યાં અને કેવી રીતે ભરવાની થાય છે ?**

જવાબ - CCC પરીક્ષા માટેની ફી ડેબિટ કાર્ડ / ક્રેડિટ કાર્ડ કે ચલણથી નીચેની લિંક પર ક્લીક કરવાથી ભરી શકાય છે.

https://www.onlinesbi.com/prelogin/institutiontypedisplay.htm

**પ્રશ્ન – 3 CCC પરીક્ષા માટે ની ફી કેટલી છે ?**

જવાબ - CCC પરીક્ષા માટેની ફી નીચે મુજબ છે.

Rs. 200 for Theory and Practical Examination
Rs. 100 for Only Theory Examination
Rs. 100 for Only Practical Examination

**પ્રશ્ન – 4 CCC પરીક્ષા માટે કેવી રીતે કરવું ?**

જવાબ - રજિસ્ટ્રેશન માટે www. ccc.gtu.ac.in વેબસાઈટ પર નોંધણી શરૂ થાય ત્યારે ફોર્મમાં જરૂરી વિગતો ભરી “Register & Generate Form” પર ક્લીક કરવું.જેથી આપેલ મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ ઉપર રજિસ્ટ્રેશન નંબર અને પાસવર્ડ આવશે. આગળ અરજીમાં સુધારા વધારા કરવા એપ્લીકેશન નંબર અને પાસવર્ડ ઉપયોગી છે.

**પ્રશ્ન – 5 CCC પરીક્ષા માટે નોંધણી પહેલાં ફી ચૂકવી શકાય ?**

જવાબ - ના - CCC પરીક્ષા માટે નોંધણી પહેલાં ફી ચૂકવી શકાતી નથી. આપેલ મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ ઉપર એપ્લીકેશન નંબર અને પાસવર્ડ આવશે. ત્યારબાદ જ ફી ચૂકવી શકાય છે.

**પ્રશ્ન – 6 CCC પરીક્ષા માટે નોંધણી વખતે કયા કયા આધારો રજૂ કરવા જરૂરી છે ?**

જવાબ - એકવાર રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ફોર્મની પ્રિંટ તથા ફી ચલન સાથે નીચેના આધારો જોડી ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટીને કવરમાં મોકલવાના છે. કવર ઉપર "CCC Exam Form" લખવાનું છે.અને નીચેના સરનામે આધારો સાથે ટપાલ દ્વારા કે રૂબરૂ પહોંચાડવાનું છે.

**The Registrar, "Gujarat Technological University Nr.Vishwakarma Government Engineering College Nr.Visat Three Roads, Visat - Gandhinagar Highway Chandkheda, Ahmedabad – 382424 - Gujarat"**

આધારો -

- **Application Printout with Signature of Head of Employees' office and Signature of the Employee.**
- **Original Copy of Challan (Depositor Copy).**
- **Photo ID proof (Any one): Voter card / Driving license / PAN card / Passport / Adhar Card.**

**પ્રશ્ન – 7 CCC પરીક્ષા ક્યારે લેવાશે તે કેવી રીતે જાણી શકાશે ?**

જવાબ - એકવાર રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ આપેલ મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ ઉપર એપ્લીકેશન નંબર અને પાસવર્ડ આવશે. તેના આધારે જ્યારે યુનિવર્સિટી પરીક્ષાની તારીખ વેબસાઈટ ઉપર જાહેર કરશે ત્યારે હોલ ટિકીટ મેળવી શકાશે. અને નક્કી કરેલી તારીખે અને સમયે ઓનલાઈન થિયરી પરીક્ષા અને પ્રેક્ટીકલ પરીક્ષા લેવાશે.